प्रतिभा नुं पोत

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિભાનું પોત

[પાંચ સાચી કથાઓ]

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

૮૦૧
૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... २०२१/३२

पञ्जिका संख्या..... ३०६३५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ–૮૫

પ્રતિભાનું પોત

[પાંચ સાચી કથાઓ]

દ્વિતીય પુનર્મુદ્રણ ૧૯૮૪–૧૯૮૫

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

CHECKED 1973
Initial

સફળ વિફળની ના મુજ પરવા,
પ્રભુ! હૃદયે કરો વાસ;
મહા આંધીમાં રહો નિરંતર
તુજ ચરણે વિશ્વાસ.

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

છ આના
૩૭ નવા પૈસા

એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સરકારની સમાજશિક્ષણ વાચન માટેની ઇનામી યોજના અંગે, આ પાંચ પ્રતિભાવાન વ્યક્તિઓનાં જીવનની કથાઓનો સંગ્રહ બહાર પાડવામાં આવે છે. આ કથાઓ વિદ્યાપીઠના સેવકોએ લખી છે. તેને આ સંગ્રહને અનુરૂપ સંપાદિત કરી લેવાનું કામ શ્રી મુકુલભાઈ એ કર્યું છે. પાંચે કથાના મણકામાં એકસૂત્ર રહેલી વસ્તુ એ છે કે, તેનાં કથાનાયકો આત્મપ્રતિભાની પ્રેરણાથી જાતે કેવી રીતે ભણ્યાં, અને વચ્ચે જે અનેકવિધ વિટંબણાઓ અને વિઘ્નો આવ્યાં તેને ન ગણકાર્યાં—એ બધાંને આંગળીને આગળ ચાલ્યાં; અને પોતાને તથા વિદ્યાને અને સમાજને પણ શોભાવ્યાં, એ એમાં કહ્યું છે. જીવનની સિદ્ધિને માટે આવા ઉત્કટ પુરુષાર્થનાં દૃષ્ટાંત આપણને ઉન્નત કરે એવાં છે. આ કથાઓ તે દૃષ્ટિએ સૌ કોઈને ગમશે એમ માનું છું. એમાં માનવાત્માની પ્રતિભાનું જે પોત જોવા મળે છે, તે જીવનમાં કલ્યાણમય અને પ્રેરક બને એવું છે.

૧૮-૪-'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
૧.	દાદાનો શિષ્ય	૫
૨.	ચ્યેન ચ્યાંગ	૧૦
૩.	હેલન કેલર	૧૫
૪.	હ્યસીએનો કુલગુરુ	૨૪
૫.	શ્રી. ધર્માનંદ કોસંબીજી	૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

દાદાનો શિષ્ય

આજથી લગભગ બસોએક વર્ષ પૂર્વે ઇટાલીના એક નાના ગામડામાં, ઍન્ટોનિયો કૅનોવા કરીને એક છોકરો રહેતો હતો. તેનાં માબાપ ગરીબ હતાં. તેઓ મજૂરી કરીને પોતાનું પૂરું કરતાં હતાં. કૅનોવા ત્રણ જ વર્ષનો હતો, ત્યારે તેના પિતા ગુજરી ગયા. યુરોપના દેશોમાં વિધવાવિવાહનો રિવાજ છે; તે પ્રમાણે બાળક કૅનોવાની મા બીજી વાર પરણી પોતાના નવા પતિને ત્યાં રહેવા ગઈ. પછી કૅનોવાને ઉછેરીને મોટો કરવાની જવાબદારી તેનાં વૃદ્ધ દાદાદાદીએ ઉપાડી લીધી. એટલે કૅનોવાને તેમની પાસે રહેવાનું થયું.

કૅનોવાના દાદા સલાટનો ધંધો કરતા હતા. મોટી પથ્થરની ડગશોમાંથી મકાનને માટે જોઈતા ઘાટો ઘડીને એ પોતાનો રોટલો કમાતા. આ કામમાં તે પ્રવીણ કારીગર હતા. બાળક કૅનોવાને દાદાના આ કામમાં બહુ મજા પડતી. દાદા હાથમાં ટાંકણું કે છીણી અને હથોડી લઈને કામ કરતા હોય, ત્યારે કૅનોવા ઘણી વાર તે જોયા જ કરતો. ટક ટક કરતું ટાંકણું પથ્થરની રજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોરતું કોરતું તેને ઉરાડતું હોય; તેને કલાકોના કલાકો સુધી એકીટશે જોયા કરવામાં બાળક કેનોવાને થાક ચડતો નહિ. ધીમે ધીમે પથ્થરની બેડોળ ડગશ ટાંકણાના ટક-ટકાટથી આકાર પકડતી. દાદા જાણે ડગશમાં ઢંકાયેલા એ આકારને ખોળી કાઢતા ન હોય!

કેનોવાને થતું કે, લાવને હું પણ ટાંકણું ચલાવી જોઉં. એટલે તે પણ હથોડી અને ટાંકણા વડે પથ્થર પર રમવા લાગ્યો. ટાંકણું હાથમાં લે ને હથોડીથી તેના પર ટોચો મારે. કોક વાર પથ્થરમાં મોટું કાણું પાડી દે તો કોક વાર ટાંકણું વાંકું થઈ સરી જાય. એમ શરૂ-આતમાં તો ટોચો જ બરોબર ન વાગે. પણ કેનોવા ધીરજવાળો છોકરો હતો. દાદાને બરાબર ફાવે છે તો મને કેમ ન ફાવે? — એમ એને થતું.

કેનોવાને ઘડવાના કામમાં રસ પડે છે એ તેના દાદાએ થોડી વારમાં જોઈ લીધું. એટલે તેમણે પોતાની કળા તેને શીખવવાની શરૂઆત કરી. પ્રથમ એમણે તેને ચિત્રકળા તરફ વાળ્યો. કામેથી પાછા આવીને રોજ સાંજે તેના વૃદ્ધ દાદા એને અનેક રીતનું ચિત્રકામ શીખવે. કેનોવાના આનંદનો પાર ન રહ્યો. ચિત્રો દોરતાં એ થાકે જ નહિ. આખો દહાડો એ કાંઈ ને કાંઈ દોર્યા જ કરે. હવે તો તે ઘરમાં જે જુએ તે દોરવા મથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યો. તેમાં તેણે પોતાનાં દાદાદાદીને ચીતરવાનું પણ ન છોડ્યું! આવા ખંતીલા અને મહેનતુ બાળકની પ્રગતિમાં પછી શી મણા રહે?

ચિત્રકામમાંથી હવે કેનોવાએ પોતાનો હાથ માટીકામ પર ચલાવવા માંડ્યો. એમાં તેને ચિત્રકામ કરતાં પણ વધારે મજા પડી. સપાટી પરના ચિત્રના આકારો કાઢવા કરતાં તાદૃશ ઘન મૂર્તિઓ બનાવવામાં એને ખૂબ રસ પડવા લાગ્યો. એની આ પ્રગતિ જોઈને દાદાના આનંદનો પાર ન રહ્યો. તેમને મનમાં લાગ્યું કે, આગળ ઉપર મારો પૌત્ર જરૂર એક સરસ શિલ્પી તરીકે નામના મેળવશે.

એક દિવસ કેનોવા તેના સાવકા પિતાને મળવા ગયો હતો. પાસેના એક ઉમરાવની હવેલીમાં તેનો પિતા કામ કરતો હતો.

તે દિવસે એ ઉમરાવને ત્યાં જાફત હતી. અનેક મોટા માણસો તેમાં આવવાના હતા. તૈયારીની ધમાલ ચાલતી હતી. જમવાનો વખત થવા આવ્યો હતો, એટલે નોકરો જમવાનો ઓરડો શણગારવા માટે દોડાદોડ કરી રહ્યા હતા. એક નોકર, જમવાના ટેબલની શોભા માટે, તેની વચ્ચે મૂકવાની પ્રતિમા લઈને જતો હતો. રસ્તામાં તે એના હાથમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી ગઈ અને જમીન પર અફળાતાં તેના ટુકડા થઈ ગયા! હવે? બીજી નવી પ્રતિમા લાવવાનો વખત નહોતો. અને શણગાર વગરનું ટેબલ તો કેમ જ રખાય! શેઠ ઠપકો ન આપે?

એવામાં એક બાળ-અવાજ સંભળાયો, 'ફિકર ન કરો; હું તમને અબઘડી બીજી પ્રતિમા ઘડી આપું છું.'

તે અવાજ કેનોવાનો હતો. આવડું નાનું છોકરું તે વળી શું કરી શકવાનું, એમ જ માની કેટલાક નોકર તો હસવા લાગ્યા. કેનોવા એને ગણકાર્યા વગર પોતાને કામે વળગ્યો. ટેબલ ઉપર એણે સુંદર પીળા રંગના માખણનો એક મોટો લોંદો જોયો. સમયસૂચકતાથી એણે એમાંથી જ પ્રતિમા ઘડવાનું વિચાર્યું; અને એણે પાસે પડેલી છરી વડે તરત જ કામ શરૂ કર્યું. એક વાર તો પેલા હસતા નોકરો પણ થંભી ગયા. બધા શાંતિથી જોવા લાગ્યા. કેનોવાની નાનકડી આંગળીઓ નીચે નરમ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખાણમાંથી સિંહ-પ્રતિમા જન્મતી ગઈ, અને મહેમાનો આવે તે પહેલાં તો બીળી, આરસના જેવી રૂપાળી પ્રતિમા તૈયાર થઈ ગઈ! સૌના મોંમાંથી હાશની સાથે શાબાશનો અવાજ નીકળી પડ્યો.

ભોજન શરૂ થયું. મહેમાનોની આંખ સિંહના એ તાદૃશ પૂતળા પર ગયા વગર રહી નહિ. 'આ પૂતળું કોણે ઘડ્યું?' એક મહેમાને પૂછ્યું. શેઠે નોકરને બોલાવી પૂછ્યું.

નોકરે કહ્યું કે, એક નાના છોકરાની એ કૃતિ છે.

આ સાંભળી શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'કયાં છે એ બાળક?' શેઠે નોકરને કહ્યું.

નોકરે કેનોવાને બોલાવી આણ્યો.

શેઠે પૂછ્યું: "તું આવી સરસ કળા કોની પાસેથી શીખ્યો?"

કેનોવા — મારા દાદા પાસેથી.

આથી તો શેઠને વળી અચરજ થયું, કેમ કે એનો દાદો તો માત્ર એક સામાન્ય સલાટ હતો.

શેઠે કહ્યું: "છોકરા, તને આ કળાની કુદરતી બક્ષિસ હોય એમ લાગે છે. તું હવે મારે ઘેર જ રહે."

પછી તો એ ઉમરાવે કેનોવા માટે મોટા શિલ્પીઓને શિક્ષક તરીકે રાખ્યા અને તે મોટો થયો એટલે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ શીખવાને માટે રોમ શહેરમાં મોકલ્યો. મોટપણે કૅનોવા યુરોપનો એક મહાન શિલ્પી નીવડ્યો અને આજ સુધી એની તે નામના કાયમ છે. એના દાદા તો તેની આ નામના જોવા ન પામ્યા; પણ કૅનોવા પોતાની નામના અને આબાદી પોતાના એ મૂળગુરુને જ આભારી છે એમ માની એમને કદી ભૂલ્યો ન હતો.

૨

શ્યેન ચાંગ

૧

આપણા દેશની ઈશાન બાજુએ, હિમાલયને પેલે પાર આપણો પડોશી ચીન દેશ આવેલો છે. હિમાલય વગેરે મોટા મોટા પર્વતથી આપણો દેશ અને ચીન દેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટા પડે છે. છતાં ઘણા ન્યૂના સમયથી, બંને દેશના લોકો વચ્ચે ગાઢ સંબંધ ચાલતો આવે છે.

પહેલાં હિંદુસ્તાનમાંથી બૌદ્ધ ધર્મના ઘણા સાધુઓ ચીનમાં જતા અને બુદ્ધ ભગવાનનો ઉપદેશ ચીનના લોકોને સંભળાવતા. ચીનના ઘણા લોકો આજે પણ બુદ્ધ ભગવાનને પોતાના ગુરુ માને છે.

ઘણાં વરસો પહેલાંની વાત છે. ચીન દેશમાં શ્યેન ચાંગ નામે એક વિદ્યાર્થી હતો. તે નવ દશ વરસનો થયો ત્યાં સુધીમાં બુદ્ધ ભગવાનના ઉપદેશના ઘણા ગ્રંથો ભણી ગયો, અને નાની ઉંમરે જ ભિક્ષુ બન્યો. પછી તેને વિચાર આવ્યો કે, બુદ્ધ ભગવાનના જ દેશમાં જઈને સારા સારા ગ્રંથો ભણી લઉં તો કેવું સારું!

પણ હિંદુસ્તાન જવું એ સહેલી વાત ન હતી. રસ્તામાં પહાડ પણ ઓળંગવાના આવે અને દરિયા જેવડાં મોટાં રેતીનાં રણ પણ આવે. તેથી તેણે ટાઢ અને તડકો વેઠવાની ટેવ પાડવા માંડી. શિયાળામાં તે ઉઘાડે શરીરે ફરતો અને ઉનાળામાં બે-ચાર કામળા ઓઢીને બફારો વેઠતો. રસ્તામાં દિવસો સુધી ખાવા-પીવાનું ન મળે તોપણ ગભરાઈ ન જવાય, તે માટે તેણે ભૂખ-તરસ વેઠવાની પણ ખૂબ ટેવ પાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

આ ટેવ તેને ખૂબ કામમાં આવી. ચીનમાંથી નીકળવા ઉત્તર તરફની સરહદના દરવાજાને રસ્તે તે ચાલ્યો, ત્યારે તેની સાથે ત્રીસ જણ હતા. પણ ચાર મહિને દરવાજે પહોંચ્યો, ત્યારે તે એકલો જ બાકી રહ્યો હતો. બાકીના કાં તો માંદા પડ્યા, મરી ગયા, કે અધવચથી પાછા ફર્યા.

૨

ચીનના દરવાજામાંથી બહાર નીકળ્યા પછી બરી મુસાફરી શરૂ થઈ. કેટલેક દૂર ગયા પછી ગોબીનું મોટું રણ વટાવવાનું આવ્યું. તેમાં પાણી કે બીજું કશું જ ન મળે. એટલે રેન ચાંગે રસ્તામાં ચાલે તેટલાં બન્નૂર-બારેક અને પાણીની મશક સાથે લીધાં. એટલો ભાર ઉપાડીને રણમાં ચાલવું એ પણ ઘણું જ અઘરું કામ કહેવાય.

અર્ધું રણ વટાવ્યું. તેવામાં એક દિવસ પાણી પીતી વખતે તેના હાથમાંથી મશકનું મોટું છૂટી ગયું, અને પોણા ભાગનું પાણી ઢોળાઈ ગયું ! પાણી વગર કેટલા દિવસ ચાલે ? છેવટે તેનાથી એક ડગલું પણ આગળ ભરાય તેવું ન રહ્યું. તે ધગધગતી રેતી પર ગબડી પડ્યો. એમ પાંચ દિવસ અને પાંચ રાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂખે તરસે તે ત્યાં પડી રહ્યો. પછી એક સવારે ઠંડી હવા શરૂ થઈ અને ખૂબ ઝાકળ પડ્યું. રેતીમાં આસપાસ ઝાંખરાં ઊગેલાં, તેના ઉપર ઝાકળનાં ટીપાં બાઝ્યાં હતાં. ઘસડાતો ઘસડાતો શ્યેન ચાંગ તે ઝાંખરાં પાસે ગયો અને ઝાકળ ચાટીને તેણે પોતાની તરસ છિપાવી. તેના શરીરમાં કંઈક તાકાત આવી. તેણે કોથળીમાંથી ખજૂર અને બારેક કાઢીને ખાધાં. પછી તે ઊભો થયો, અને બુદ્ધ ભગવાનને યાદ કરી આગળ ચાલ્યો.

હવે તેને એક વેરાન વગડામાંથી પસાર થવાનું હતું. એક જગ્યાએ એક ઝેરી પ્રાણી રસ્તામાં આડું પડ્યું હતું. તેના ઝેરી શ્વાસમાંથી બચવા શ્યેન ચાંગ પાસેની ઝાડીમાં ભરાઈ ગયો. ત્રણ દિવસ બાદ પેલું પ્રાણી ચાલ્યું ગયું ત્યારે જ તે આગળ વધી શક્યો.

થોડે દૂર ગયા પછી એક ડોસો અને તેનો જુવાન દીકરો તેને સામા મળ્યા. ડોસાએ શ્યેન ચાંગની વાત સાંભળી તેને રસ્તો બતાવવા પોતાના જુવાન છોકરાને તેની સાથે મોકલ્યો.

પેલો છોકરો થોડા દિવસ તેની સાથે ચાલ્યો. પણ પછી તે કંટાળ્યો. એક વખત રાતે બંને જણા સૂતા હતા ત્યારે તે મધરાતે ઊઠ્યો અને શ્યેન ચાંગની પથારી પાસે ગયો. પછી તેણે પોતાની તલવાર પથારી પર એટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોરથી મારી કે જમીન સુધી પથારી કપાઈ ગઈ! પછી તે તરત ચીન તરફ પાછો ફર્યો.

તે વખતે શ્યેન ચાંગ પાણી પીવા ગયો હતો, તેથી તે બચી ગયો. આવીને તેણે પથારીમાં તલવારનો ઘા જોયો. તે પરથી એ બધી વાત સમજી ગયો. બુદ્ધ ભગવાનની પ્રાર્થના કરીને ત્યાંથી તે એકલો જ આગળ વધ્યો.

૩

આવી અનેક મુશ્કેલીઓ વેઠતો તે કોચાંગના રાજ્યમાં આવ્યો. ત્યાંના રાજાને તેના ઉપર એટલી બધી ભક્તિ ઊપજી કે તેણે તેને પોતાના રાજ્યમાં રહેવા આગ્રહ કર્યો. શ્યેન ચાંગે તેની વાત ન માની, એટલે તેણે ચિડાઈને તેને કેદ કર્યો. શ્યેન ચાંગે ખાવાનું-પીવાનું છોડી દીધું. આમ ત્રણ દિવસ જતાં કોચાંગનો રાજા પીગળી ગયો. ચોથે દિવસે સવારના આવીને તે શ્યેન ચાંગને પગે પડ્યો અને માફી માગવા લાગ્યો. રાજાએ શ્યેન ચાંગને મુસાફરી માટે ખૂબ સગવડ કરી આપી તથા તેની સાથે પોતાના માણસો મોકલ્યા. પછી તે સહેલાઈથી હિંદ આવી પહોંચ્યો.

હિંદ પહોંચી તેણે ઘણો અભ્યાસ કર્યો. પછી ઘણાં પુસ્તકો સાથે લઈને તે ચીન પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા મેળવવા માટે આટલાં બધાં દુઃખ સહન કરનાર અને મહેનત કરનાર શ્યેન ચાંગને ચીનના લોકો 'શ્યેન ચાંગ તાસ્સ' ના નામથી ઓળખે છે. તાસ્સ એટલે ભગવાન.

૩

હેલન કેલર

ઉત્તર અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં અલાબામા નામે એક રાજ્ય છે. તેના ટસ્કુમ્બિયા નામે ગામમાં ઈ. સ. ૧૮૮૦માં હેલન કેલર નામે એક બાળાનો જન્મ થયો. એ દોઢેક વર્ષની થઈ ત્યારે એને જીવલેણ તાવ આવ્યો. તેમાંથી એ બચી તો ગઈ, પણ પરિણામે તે જીવનભરની આંધળી, બહેરી અને મૂંગી થઈ ગઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ, કાન અને વાણીની શક્તિ વિનાના માનવીનું જીવન કેવું દુઃખમય થાય? આપણા દેશમાં જન્માંધ તથા જન્મથી મૂગાંબહેરાં માણસોની દશા કેવી દયામણી હોય છે? પણ હેલનનાં માતાપિતા શ્રીમંત તેમ જ સંસ્કારી હતાં. તેમણે હેલનને આવી સ્થિતિમાંથે કેળવણી આપવા માટે અપાર પરિશ્રમ લીધો અને છૂટે હાથે પૈસો ખર્ચ્યો. તેને પરિણામે હેલને સ્પર્શેંદ્રિયની મદદથી, દેખતાં સાંભળતાં અને બોલતાં બાળકોના જેવી જ કેળવણી લીધી અને તે હાર્વર્ડ યુનિવર્સિટીની બી. એ. થઈ. જે જ્ઞાન આપણે આંખ કે કાનથી જ મેળવી શકીએ છીએ, તેને તે સ્પર્શથી મેળવવા શક્તિમાન થઈ. ઘોડા પર બેસવું, તરવું વગેરે પણ તે શીખી. વળી, તે વિદ્વાન લેખક અને કવિ પણ બની. અને મોટપણે આજ સુધી તે તેના જેવાં અપંગને અર્થે સેવાનાં કામોમાં જ પરોવાયેલી રહી છે.

એણે પોતાનું એક આત્મચરિત્ર લખ્યું છે. તે નાનાં મોટાં બધાંને બોધક અને રસમય લાગે એવું છે. એમાંથી થોડીક રસિક વાતો હવે વાંચીએ.

૧

'મારી માંદગી પછી તરતના થોડા માસ શું બન્યું, એ વિષે કાંઈ યાદ આવી શકતું નથી. આટલી જ ખબર છે કે, હું મારી બાના ખોળામાં બેસતી, અથવા ઘરકામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતી તે આમ તેમ ફરતી હોય તો તેના કપડાને વળગી રહેતી. મારા હાથ દરેક ચીજને સ્પર્શી જોતા અને દરેક જાતના હલનચલન પર ધ્યાન રાખતા. આ રીતે હું ઘણી ચીજોને ઓળખતાં શીખી હતી. એમાંથી પછી મેં સામા જોડે વાતચીત કરવા સારુ, ખોટીખરી, સૂઝી એવી નિશાનીઓ કરવા માંડી. માથું હલાવી ના કે હા સૂચવતી. ખેંચવાની ક્રિયા બતાવી 'આવો' અને ધકેલવાની ક્રિયા કરી 'જાઓ' એમ સમજાવતી. રોટી જોઈતી હોય તો તે કાપવાની અને તેને માખણ લગાડવાની ક્રિયાની નિશાની કરતી. આઈસક્રીમ બનાવ, એમ બાને કહેવું હોય તો, સંચો ફેરવવાની ક્રિયા બતાવીને, ઠંડક સૂચવવા ધ્રૂજતી.

ઉપરાંત, મારી માતાએ પણ મને ઘણું શીખવ્યું હતું. એને કયારે શું જોઈએ છે તે હું હમેશ સમજી જતી, અને માળ પર કે બીજે જ્યાં કહે ત્યાં દોડી જઈને તે લઈ આવતી.

પાંચ વર્ષની થઈ ત્યારે, ધોબીખાનેથી કપડાં આવે તે વાળી ગોઠવીને મૂકતાં મને આવડતું, અને એમાંથી મારાં કપડાં હું ઓળખી લેતી. મારી બા ને કોઈ કપડાં બદલે તે પરથી હું જાણી જતી કે, તે બહાર જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે મને સાથે લઈ જવા અચૂક એમને હું આજીજી કરતી.

બીજા લોકોથી હું જુદી જાતનું બાળક છું, એ ભાન પ્રથમ મને કયારે થયું, એ યાદ નથી. પણ મને મારાં ગુરુજી મળ્યાં તે પહેલાં મેં એ જાણેલું. એટલું મારા ધ્યાનમાં આવ્યું હતું કે, કાંઈ કહેવું કરવું હોય ત્યારે, મારી જીભ, મારી બા કે મારા મિત્રો નિશાનીઓ નહોતાં કરતાં, પરંતુ મોઢું વાપરતાં. કેટલીક વાર તેઓ વાત કરતાં ત્યારે બે જણ વચ્ચે ઊભી રહી હું એમના હોઠને અડકતી. પણ મને કશી સમજ ન પડે તેથી હું ચિડાતી. હુંય હોઠ હલાવતી ને આવેશમાં આવીને જોરજોર નિશાનીઓ કરતી. પણ તેનું કશું પરિણામ ન આવે, તેથી એટલી તો ગુસ્સે થતી કે, થાકી જાઉં ત્યાં સુધી પગ પછાડતી ને ચીસો પાડતી.

મારા પિતાની પહેલામાં પહેલી મારી યાદગીરી આ પ્રકારની છે: તેમની બાજૂએ પડેલા છાપાંના ઢગલા વચ્ચે થઈને હું તેમની પાસે જતી ને હાથથી જોતી કે, તે એકલા મોં સામે કાગળનો કટકો રાખીને બેઠા છે. એમ બેઠા બેઠા એ શું કરતા હશે એ જાણવા હું બહુ મગજમારી કરતી. તેમની પેઠે બેસી મોં સામે હું કાગળ રાખતી; એમનાં ચશ્મા પણ પહેરતી;—એમ માનીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, તેવી રીતે કર્યાથી આ કોયડો ઊકલશે. પરંતુ કેટલાંય વર્ષો સુધી એ ગુપ્ત કોયડાનો ભેદ હું પામી શકી નહોતી. મારા પિતા એક છાપાના તંત્રી હતા.

આ અરસામાં, કૂંચીનો શો ઉપયોગ થાય, એ મેં ખોળી કાઢ્યું હતું. એક દહાડો સવારે મારી બા કોઠારમાં હતી ને મેં બહારથી તાળું વાસી દીધું! નોકર-ચાકરો ઘરથી દૂરના ભાગમાં હતા, એટલે એને કોઠારમાં ત્રણ કલાક પુરાઈ રહેવું પડ્યું. અંદર રહી મારી બા બારણું તો ઠોકવા જ કરતી હતી, ત્યારે ડેલીનાં પગથિયાં પર બેઠી બેઠી હું એ ઠોકાઠનો ધબકારો અનુભવતી આનંદથી હસતી હતી. મારા આ બહુ ભારે તોફાનથી મારાં માબાપને થઈ ગયું કે, હવે મને બનતી ત્વરાએ ભણાવવી જોઈએ.'

૨

'બાળપણમાંથી કિશોરાવસ્થામાં આવતાં, મારાં માતાપિતાની મૂંઝવણ સવિશેષ વધી. સામા માણસને કાંઈ પણ જણાવવાનું મન મને વધારે ને વધારે થવા લાગતું. પરંતુ, જે થોડીક નિશાનીઓ મને આવડતી હતી, તેનાથી કામ ચાલતું નહિ. તેથી હું એવી તો ક્રોધવશ થઈ જતી ને પરિણામે રડતી કે, શરીરશ્રમથી જ હું લોથ થઈને પડી જતી. આવા ક્રોધના આવેશના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગો દિવસે દિવસે વધતા જતા હતા અને કોઈ વાર તો કલાકે કલાકે પણ બનતા.

અમે કોઈ મોટા શહેરમાં તો રહેતાં ન હતાં. એટલે આંધળાં કે બહેરાંની શાળા તો પાસે હતી નહિ. અને દૂર પડેલા ગામડાગામમાં કોઈ શિક્ષક આવે કે કેમ, એય સવાલ હતો. છતાં મારાં વહાલાં માતાપિતાએ નિરાશ થયા વગર શિક્ષક મેળવવા પ્રયત્ન આદર્યો, અને મારે સદ્‌ભાગ્યે તે ફળ્યો : મને મારાં જીવનદાતા શિક્ષિકા, ઍની મૅન્સફિલ્ડ સલિવન મળી ગયાં. મારે મન, તે દિવસ મારી આખી જિંદગીમાં વધારેમાં વધારે મહત્ત્વનો છે. કેમ કે, એ મને જો ન મળ્યાં હોત તો મારું શું થાત, એ હું કલ્પી પણ શકતી નથી. આજ હું જે કાંઈ થઈ કે કરી શકી છું, એ એમને જ આભારી છે. એ મને મળ્યાં ત્યારે મને સાતમું વર્ષ પૂરું થવામાં ત્રણ માસ બાકી હતા.

આવીને બીજ જ દિવસે એમણે મારું શિક્ષણ શરૂ કર્યું. તે મને એમના ઓરડામાં લઈ ગયાં ને તેમણે મારા હાથમાં એક ઢીંગલી આપી. હું એની સાથે થોડો વખત રમી. પછી કુમારી સલિવને ધીમેથી મારા હાથમાં 'ઢીં . ગ . લી' એમ અક્ષરો લખ્યા. આમ આંગળીઓથી રમવામાં મને મજા પડી અને હું એનું અનુકરણ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન કરવા લાગી. એમ કરતાં કરતાં મને એ અક્ષરો લખતાં આવડી ગયું, ત્યારે મારા આનંદ અને અભિમાનનો પાર ન રહ્યો. નીચે મા પાસે દોડી જઈને મેં મારો હાથ ઊંચો કર્યો અને ઢીંગલી શબ્દ લખ્યો. કેટલાક દિવસોમાં હું બીજા ઘણા શબ્દો એવી જ રીતે લખતાં શીખી. પણ, એ બધું, વાંદરું જેમ વગર સમજ્યે માત્ર અનુકરણ કરે છે, તે જ રીતે. વસ્તુનું નામ એ છે ને હું તે લખું છું, એવું કશું ભાન મને નહોતું. તેવું ભાન કેવી રીતે આવ્યું તે હવે કહું.

એક દહાડો હું મારી ઢીંગલી જોડે રમતી હતી. કુ૦ સલિવને બીજી એક ઢીંગલી લઈને મારા ખોળામાં મૂકી અને 'ઢીં . ગ . લી' એમ લખ્યું. આમ લખીને એમનો ઇરાદો મને એવું સમજાવવાનો હતો કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઢીંગલી' શબ્દ બેઉ ઢીંગલીને લાગુ પડે છે. આને સારુ એમણે કેટલીય માથાકૂટ કરી. પણ તેમાં તે ન ફાવ્યાં ને હુંય કંટાળી, ને ચિડાઈને મેં મારી ઢીંગલી ભોંય પર પછાડી. તે ભાંગી ગઈ તેથી મને આનંદ થયો, કેમ કે મને ઢીંગલી પર વહાલ તો નહોતું જ.

પછી કુ૦ સલિવને મને ટોપી આપી. એ પરથી હું સમજી કે, હવે અમારે બહાર સૂર્યપ્રકાશમાં ફરવા જવાનું છે. અને તેના આનંદથી હું નાચવા લાગી.

ફરતાં ફરતાં અમે બેઉ જણ અમારા ઘરની પાણીની ટાંકી તરફ ગયાં. કોક પાણી કાઢતું હતું. મારાં ગુરુજીએ પાણીની ધારા નીચે મારો એક હાથ લઈને ધર્યો. પાણી તેના ઉપર પડીને નીચે વહ્યું જતું હતું. તે વખતે, મારા બીજા હાથ પર તેમણે પાણી શબ્દની જોડણી લખી. શરૂઆતમાં તે ધીમે ધીમે લખતાં હતાં; પછી તેમણે ઝપાટામાં લખવા માંડ્યું. હું એકાગ્ર બની એમની આંગળીઓ પર ધ્યાન રાખી સ્તબ્ધ ઊભી હતી. ઓચિંતું, કશુંક ભૂલી ગઈ હોઉં ને તે યાદ આવતું હોય, એમ મને લાગ્યું. તેથી કરીને આનંદનો અનુભવ થયો. અને તે વખતે મને ખબર પડી કે, 'પા....ણી' લખે છે તેનો અર્થ મારા હાથ પરથી વહેતો ઠંડો ચમત્કારી પદાર્થ છે. અનુભવની જોડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાયેલા એ શબ્દે મારા જીવનમાં નવો પ્રકાશ, અનેરી આશા અને જુદો જ આનંદ આણ્યાં.

પછી તો ત્યાંથી ઘેર પાછાં જતાં રસ્તામાં જેને જેને અડકું તે દરેક ચીજ અર્થવાળી લાગતી. દરેક પદાર્થ કેવળ વસ્તુ નથી, પણ તેને ખાસ નામ હોય છે એમ સમજી. ઘેર ગઈ ત્યારે મને પેલી ફેંકી દીધેલી ઢીંગલી સાંભરી ને હું તરત ત્યાં દોડી. ભાંગેલા ટુકડા એકઠા કરી ગોઠવી દઈ પાછી ઢીંગલી બનાવવા લાગી. પણ તે વ્યર્થ હતું. ત્યારે મને, મેં શું કર્યું હતું, એનું ભાન થયું ને મારી આંખ આંસુથી ભરાઈ આવી. જિંદગીમાં પહેલી વાર મેં શોક અને પસ્તાવો અનુભવ્યાં તે આજ.

તે દિવસે હું ઘણા નવા શબ્દો શીખી. તે બધામાં આ શબ્દો શીખી હતી તે મને બરોબર યાદ છે: 'માતા, પિતા, બહેન, શિક્ષિકા.' તે ચમત્કારી દિવસે રાતે સૂતી સૂતી કેવો દિવ્ય આનંદ અનુભવતી હતી! તે દિવસે જીવનમાં પહેલી વાર મને થયું કે, નવો દિવસ હવે ક્યારે આવે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

હબસીઓનો કુલગુરુ

૧

હબસી લોકો મૂળ આફ્રિકાના વતની હતા. પરંતુ ઈ. સ. પૂર્વે જ્યારે ગ્રીસ અને રોમની સત્તા યુરોપમાં ચાલતી હતી, ત્યારથી યુરોપના લોકો આ ભોળી હબસી પ્રજાના માણસોને પકડી લાવીને ગુલામ તરીકે રાખતા. જેમ વેપારવણજની બીજી ચીજો બજારમાં વેચાય, તેમ આ જીવતાજાગતા હબસી ગુલામો પણ ત્યારે બજારમાં વેચાતા.

યુરોપની પ્રજાઓ અમેરિકાની શોધ થયા પછી ત્યાં વસવા લાગી, ત્યારે તે નવા મુલકમાં ખેતીને માટે માણસોની તો ખૂબ જ જરૂર પડે, એ ઉઘાડું છે. તેઓએ આફ્રિકાથી હબસીઓનાં ટોળેટોળાં પોતાના નવા ખંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આણ્યાં; અને જેમ ગાય ઘોડા કે બીજાં પશુને રાખે તેમ જ આ મનુષ્ય-પ્રાણીને પણ રાખવા માંડ્યાં. અરે! તેઓ એટલે સુધી માનતા કે, આ ગુલામ હબસીઓને આત્મા નથી હોતો! તેથી, પુરુષથી તેની સ્ત્રીને અને સ્ત્રીથી તેનાં નાનાં કુમળાં બાળકોને છૂટાં પાડીને વેચી નાખવામાં પણ, ન તો તેમને કશી દયા આવતી, કે ન તો કોઈ જાતનો ખટકો લાગતો!

આવી ગુલામ સ્થિતિમાં ગયા સૈકાના મધ્યમાં (આશરે ઈ. સ. ૧૮૫૮–૯માં) બૂકર ટી. વૉશિંગ્ટન નામના એક હબસી છોકરાનો જન્મ થયો. એક ગોરા અમેરિકન જમીનદારને ત્યાં તેની મા જોડે તે અને તેનો ભાઈ ગુલામ તરીકે રહેતા હતા. તે વખતે આ ગુલામ છોકરાની કેવી હીન દશા હતી એ બતાવવા સારુ, એણે જ પોતાની જીવનકથા લખી છે તેમાં આપેલા એક બે દાખલા જોઈએ:

બૂકરને પહેરવાને માટે ગૂણપાટનાં કપડાં મળતાં. નાના બિચારા બૂકરની કુમળી ચામડી આથી કરીને છોલાઈ જતી. તેથી તેનો મોટો ભાઈ એવું કરતો કે, નવાં કપડાં પોતે પહેરતો, અને વપરાઈને થોડાંક નરમ પડે અને સુંવાળાં (!) થાય, એટલે નાના ભાઈને તે પહેરવા આપતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલામ દશામાં સબડતા બૂકરને મળતો સવારનો નાસ્તો પણ જાણવા જેવો છે. રોજ સવારે વહેલો ઊઠીને સીધો તે જમીનદારના ખેતર ઉપર જતો. ત્યાં ઢોર માટે ખાણ બફાતું હોય તે કચારે કાઢવામાં આવે, એની વાટ જોતો એ ઊભો રહેતો. એની જેમ બીજાં ગુલામ છોકરાં પણ ત્યાં આવ્યાં જ હોય. ખાણ જ્યારે ઢોરોને માટે ટોપલામાં કઢાય, ત્યારે તેમાંથી મોટા સારા જોઈને બફાયેલા વટાણાના દાણા આ છોકરાં પોતાને માટે વીણી લેતાં. આ બૂકરનો નાસ્તો! જો વખતસર ત્યાં ન પહોંચાય તો તે નાસ્તો પણ જાય.

આમાંથી એક દહાડો છુટકારો થયો. એક ખૂનખાર આંતરયુદ્ધને અંતે, ગોરા અમેરિકનોએ ઠરાવ કર્યો કે, ગુલામીની પ્રથા રદ કરવી. તે ખુશાલીને દિવસે માએ પોતાનાં બાળકોને ભેગાં કર્યાં. પોતે ધૂંટણે પડી. તેની આંખમાં આંસુ હતાં અને તે કાંઈ જ બોલી શકતી નહોતી. હર્ષથી જાણે ગાંડી થઈ ગઈ હોય તેમ, છોકરાંને વારંવાર બાથમાં લે અને ઉપરાઉપરી ચૂમે. કેટલીક વાર એમ ચાલ્યા પછી તે બોલી, 'બેટા, આજ આપણે સ્વતંત્ર થયાં છીએ. ઈશ્વરનો પાડ માનો!'

૨

હવે બૂકર સ્વતંત્ર બાળક થયો એટલે તેની મા એને કામે મોકલવા લાગી. પાસે આવેલી કોલસાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ખાણમાં ખૂકરને કામ મળ્યું હતું. ખાણના સખ્ત કામથી થાકીને રાતે તે પાછો આવતો. પણ હવે તેને એક નવી લહે લાગી હતી: તે ભણવાને નાદે ચડ્યો હતો. તેથી રાતે થાકીને આવતાં છતાં, ભણવા આગળ તેનો થાક ક્યાંયે જતો રહેતો.

આ નાદે ચડાવવામાં મુખ્ય હાથ એની ચંડાર માતાનો હતો. પાઈ પાઈ એકઠી કરીને તેણે એને એક ચોપડી લાવી આપી હતી. ખૂકર આ ચોપડીને ઘડીભર પણ વેગળી મૂકતો નહિ. એને એવી બીક રહેતી કે, કદાચ ખોવાઈ ગઈ તો! કામમાંથી ફુરસદ મળે ત્યારે કે રસ્તે ચાલતાં પણ એ કાઢીને તે વાંચવા લાગતો.

કેટલાક વખત બાદ ખૂકરને એક બાઈને ત્યાં કામ કરવા જવાનું થયું. આ બાઈ બહુ કંપરી અને કડક છે એવી એની ચારે કોર ખ્યાતિ હતી. એને ત્યાં નોકરી કરવી એટલે બસ! કદી જરા જંપવા જ ન દે! — એવી એને વિષે શાખ બંધાઈ હતી. આમ છતાં, બીજું કામ ન મળવાથી ખૂકરની માએ કઠણ કાળજું કરીને તેને આ બાઈ ને ત્યાં મોકલ્યો.

વાત એવી હતી કે, બાઈ સ્વભાવે ખરાબ નહોતી, પણ કડકાઈથી બરોબર કામ લેનારી હતી. એટલે ખંતથી સોંપેલું કામ કરનારને તેની જોડે વાંધો ન પડે. આથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂકરને તેની જોડે ગોઠી જવામાં અડચણ ન આવી. નાનો હોવા છતાં આટલું તો તે સમજતો હતો કે, 'માતા, પિતા, અને મોટાભાઈ આખો દહાડો મજૂરી કૂટે છે ત્યારે માંડ પેટિયું નીકળે છે; તો હું એમાં શું કામ મદદ ન કરું? આ બાઈનો ઉપકાર છે કે તેણે મને કામ આપ્યું.' ખૂકરની શેઠાણીને આવો જ માણસ જોઈતો હતો. આ રીતે બેઉનું ઠીક ચાલતું જાણીને ખૂકરની માને નિરાંત વળી.

બાઈને ત્યાં ખૂકરને ફરાસનું કામ કરવાનું હતું. આખું ઘર બરોબર વાળવું, ઝૂલવું, ખુરશી ટેબલ વગેરે રાચરચીલું સાફ રાખવું, બારીબારણાંનાં ભિજાગરાં ઇસ્ટા-પડીઓ તથા હાથા વગેરે ઘસી ઘસીને ચકચકિત રાખવાં, આ જાતનું એ કામ હતું. ખૂકર આ બધું બરોબર તન અને મન દઈને કરતો. પેલી બાઈ પણ પહોંચેલ હતી. કચાં કચાં કચરો રહી જઈ શકે, તે એને ખબર હતી. એટલે તે તો ખૂણેખોચરે, બારીની ધારો પર, પેટીઓ પટારા પાછળ, ખુરશી ટેબલના પાયા અને ટેબલ નીચે, અને એવી એવી, કાળજી વગરનો કામ કરનાર ચૂકી જાય તેવી જગાઓ તપાસી જોતી. પણ કચાંય એને કસર ન જડતી કે જેથી તે ખૂકરની કોઈ કસૂર કાઢી તેને વઢી કે ધમકાવી શકે. ખરેખર, નોકર શેઠની જુગતે જોડી મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. બૂકરે આ બાઈને આખી જિંદગી યાદ કરી કે, મળો તો આવો ગુરુ મળજો.

૩

કામની સાથોસાથ ભણવાનું પણ બરોબર ચાલતું હતું. પંડોશમાં જે કોઈ કાંઈ ભણાવી શકે એમ હોય તેની પાસે પહોંચી જઈ મળે એટલું તે ભણી લેતો. પરંતુ તેથી તે ધરાયો નહિ. ગરીબ મા પણ તેમાં શું કરી શકે? એવામાં એક દહાડો એમ ખબર પડી કે, એક એવી નિશાળ નીકળી છે કે જ્યાં કામ કરી મજૂરી મેળવીને ભણી શકાય છે. આ તો એના જેવા કામગરા અને પ્રામાણિક તથા ગરીબ છોકરાને માટે ભારે સગવડ કહેવાય. હવે તે નિશાળે પહોંચવાને માટે એ તલપાપડ થઈ ગયો. તેના ગામથી આ શાળા સોથીયે વધુ માઈલ દૂર હતી. પણ તેથી શું? આટલે દૂર જવાને સારુ વાટખર્ચ પણ આપી શકે એવી સ્થિતિમાં એની મા નહોતી. પણ તેથી ઓછું છોડી શકાય? એને તો માત્ર વહાલી માતાની આજ્ઞા અને આશીર્વાદ જોઈતાં હતાં.

તેણે કહ્યું, 'બા, એક મોટી નિશાળ એવી છે કે ત્યાં મજૂરી કરાય અને તેમાંથી ભણાય. હું ત્યાં જાઉં?'

માતા — ક્યાં છે, બેટા?

બૂકર — હેમ્પટન ગામમાં છે એમ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા — ઓ મા! એટલે દૂર તું કેમ કરીને જવાનો?

પૂકરે જેમ તેમ કરીને રજા મેળવી. ભલી માતાએ આમતેમથી થોડા પૈસા ભેગા કરીને તેને આપ્યા. તે વખતે પૂકર ૧૨–૧૪ વર્ષનો હતો. માતાને છોડીને જવું એ તેના જેવા માતૃભક્ત છોકરાને માટે ઓછો આઘાત નહોતો. પરંતુ એ સમજતો હતો કે, છેવટે તો પોતાની ઉન્નતિ સાધવામાં જ માતૃપ્રેમ પણ સધાવાનો છે.

રખડતો કુટાતો, કદી ભૂખ્યો તો કદી ટાઢે ઠૂંઠવાતો, ચીંથરેહાલ દશામાં તે હૅમ્પ્ટન પહોંચ્યો. શાળા પૂછતો પૂછતો તે તેના મકાને પહોંચ્યો. જન્મારામાં તેણે નહિ



જોયેલું એવડું મોટું આલેશાન મકાન જોઈ તેને થયું, 'આ શાળામાં ભણવાનું મળે તો કેવી મજા પડે!'

શાળામાં દાખલ થવાને માટે તે આચાર્ય પાસે ગયો. આચાર્યે તેની ચીંથરેહાલ દશા સામે જોઈને પૂછ્યું, 'કેમ આવ્યો છે?'

પૂકર — મારે ભણવું છે.

આચાર્ય — ઠીક, જા બહાર બેસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી એક શિક્ષિકાને બોલાવી આચાર્યે કહ્યું કે, 'આ છોકરાને દાખલ કરવો કે કેમ તે તપાસજો.''

શિક્ષિકા બૂકરના દીદાર જોઈને જ કહે, 'તને અહીં નહિ દાખલ કરવામાં આવે. કયાંથી આવ્યો છે?'

આ સાંભળતાંવેંત બૂકરના હોશકોશ ઊડી ગયા; તેની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં; મોઢામાંથી તે અક્ષરે બોલી ન શકયો.

બૂકરની આ દશા જોઈને કે શાથી, બાઈને કાંઈક થયું અને તે બોલી, 'છોકરા, તને ઝાડુ કાઢતાં આવડે છે?'

બૂકરે ઝટ જવાબ આપ્યો, 'હા જી, કયાં છે ઝાડુ? શું વાળવાનું છે?'

બૂકરને ઝાડુ આપવામાં આવ્યું; ઉપરાંત તેણે લૂગડાનો એક કકડો માગી લીધો; અને દેખાડેલા ઓરડામાં વાળવાનું શરૂ કર્યું. તેના હરખનો પાર નહોતો. મનમાં તે તેની પેલી શેઠાણીને દુવા દેતો હતો. તેને ખબર હતી કે, આ પોતાની પરીક્ષાનો દિન છે. આખો ઓરડો, તેનાં બારીબારણાં, ખૂણા તથા ધારો, અને સઘળું રાચરચીલું, બધું ઉપર નીચે તથા આજુબાજુથી બબ્બે વાર વાળ્યું અને ઘસી ઘસીને સાફ કર્યું. કહેવાની જરૂર નથી કે, પરીક્ષામાં તે પાસ થયો : તેને હૅમ્પ્ટન શાળામાં પ્રવેશ મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

શાળામાં ચાર વર્ષ રહેવાનું હતું. દિવસનો મોટો ભાગ ખેતર કે ઈંટવાડા યા ગમાણ ગોશાળા વગેરેમાં મજૂરી કરવાની હતી; અને તેની જ મજૂરી મળે તેમાંથી વિદ્યાર્થીનું બધું ખર્ચ નીકળતું. કેટલાક તો તેમાંથી બચત કરી, નાનીશીક મૂડી પણ ભેગી કરી શકતા. બૂકરે આ ચાર અમૂલ્ય વર્ષોમાં એક મિનિટ સરખી નકામી ન જવા દીધી. મજૂરી અને ભણતરમાં વિદ્યાર્થીઓનો આખો દિવસ ભરાયેલો રહેતો. તેમાં રોજ સાંજનાં જમણ અને ઉપાસના વચ્ચે ત્રીસેક મિનિટ રહેતી, તે બધા છોકરા નકામી વેડફી મારતા. બૂકરે તે વખતમાં એક જ્ઞાનવર્ધિની સભા શરૂ કરી, અને તેમાં તેણે એવું જીવન રેડ્યું કે, થોડાક કાળમાં તે સભા આખી શાળામાં માન પામી.

બધા શિક્ષકો બૂકર ઉપર અપાર પ્રેમ રાખતા. શાળાનો સંસ્થાપક જનરલ આર્મસ્ટ્રોંગ કરીને એક ગોરો સદ્‌ગૃહસ્થ હતો. એ આ શાળાનો પ્રાણ હતો. હબસી ગુલામો સ્વતંત્ર તો થયા, પણ સાધન કે આવડત વિના તેઓ રવડી રખડી મરશે, એમ વિચારીને, આ દીર્ઘદૃષ્ટિવાળા પુરુષે આ નવી જ જાતની શાળા રચી હતી. મોટી ઉમરનાં હબસી યુવક-યુવતીઓને અહીં ભણવાનું મળવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે રહેવાનું ખર્ચ પણ તેમની મન્જૂરીમાંથી આપોઆપ મળતું, અને તેમાંથી જ તેઓ ઉપયોગી ઉદ્યોગો શીખી લઈ શકતાં હતાં. એટલું જ નહિ, શાળાની આખી વ્યવસ્થા જ એવી હતી કે, વિદ્યાર્થીઓ ઉદ્યમી, મહેનતુ અને ખંતીલા બનતા હતા. આર્મસ્ટ્રોંગે આ કામ ઉપાડીને હબસીઓની એક ભારે સેવા કરી છે, એમ આજ સૌ કોઈ કહે છે.

તે શાળાના શિક્ષકો પણ આર્મસ્ટ્રોંગની જ ભાવનાથી રંગાયેલા હતા. આથી શાળાના વાતાવરણમાં એક પ્રકારનું સેવાભાવનું વાતાવરણ રહેતું. બૂકર જેવા ઉપર આની અસર ન થાય એ તો બને જ કેમ? આર્મસ્ટ્રોંગને એ પોતાના મનથી ગુરુ તરીકે પૂજવા લાગ્યો, અને તેણે મનમાં વિચાર કર્યો કે, જે સેવાભાવ એમણે શીખ્યો છે એને મારે પણ જીવનમાં ઉતારવો. અને ખરેખર, બૂકરે આ પાઠ બરોબર જીવી બતાવ્યો.

૫

ભણી ઊતર્યા પછી તેના આચાર્યે તેને કહ્યું કે, 'તું એક નવી કાઢેલી શાળા ચલાવવા જા.' આ શાળાની કંગાળ દશા જોઈ આપણને તો એમ જ થાય કે, એને તે શાળા જ કોણ કહે! ન મળે તેનું મકાન, ન મળે તેમાં ભણનાર! બૂકરે બધું કામ એકડેએકથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ કરવાનું હતું. ધંત, ધીરજ અને કુનેહ તથા પોતાની પતિત કોમ પ્રત્યેના પ્રેમથી તેણે આ કામમાં ઝંપલાવ્યું. કામ કામને શીખવે એવી આપણામાં કહેવત છે. બૂકરનાં આ વર્ષો તે કહેવતને અક્ષરશઃ ખરી પાડી દેખાડે છે. તેણે પોતાની એ નાનકડી શાળા પાછળ પોતાનો આખો આત્મા રેડીને, આજ જે એક જગમશહૂર સંસ્થા થઈ છે તે 'ટસ્કેજી ઇન્સ્ટિટચૂટ' નામની શિક્ષણસંસ્થા રચી. આ શાળાનાં શરૂઆતનાં વર્ષોમાં તે જાતે જ ભણાવતો ત્યારે તે પોતાના બાળપણની વાતો કહેતો. પેલી શેઠાણી બાઈની વાત યાદ આવતી ત્યારે તેના મોં પર કૃતજ્ઞતા અને આભાર ઝળકી ઊઠતાં અને તે કહેતો, 'મારી જિંદગીમાં આજ સુધી હું જેટલું શીખ્યો છું તે અને આ બાઈએ મને જે શીખવ્યું છે તે બે સરખાં કીમતી છે.'

જેમ જેમ શાળાનું કામ વધતું ગયું, તેમ તેમ બૂકરને ભાગે તેના સંચાલનનું, તેની ઉન્નતિને અંગે વિચારો કરી તેને માટે નાણાં વગેરે સાધનોની જોગવાઈ કરવાનું, અને ખાસ તો પોતાની શાળાની પાછળ હબસી કોમની ઉન્નતિની કઈ ભાવના અને યોજના રહી છે, તે સમજાવવાનું કામ આવ્યું. આથી તેની નામના દેશભરમાં અને બહાર પણ પહોંચી. પોતાના કામને અંગે એ આખા અમેરિકામાં ફરતો. બધે એને સન્માન મળતું. છતાં ગોરા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળા વચ્ચે ઊંચનીચભાવ એટલો બધો હતો કે, આવા નામાંકિત માણસને પણ સમાન દરજ્જે લેખતાં ગોરા લોક અચકાતા. અમેરિકાના પ્રમુખે એક વાર બૂકરને મળવા બોલાવ્યો, તે ઉપર તો ગોરાઓમાં ભારે મોટી ચર્ચા જાગી કે, કાળાની જોડે પ્રમુખ હાથ મિલાવે એ તે કેવો ગજબ? એવી જ ચર્ચા બૂકર ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયાને મળ્યો ત્યારે પણ ગોરા લોકમાં જાગી હતી.

કાળા લોકમાં પણ બૂકરના કામનો વિરોધ કરનાર કેટલાક પડ્યા હતા. તેઓનું એમ કહેવું હતું કે, બૂકર તો આપણી કોમને મજૂર ને મજૂર જ રાખવા ચાહે છે; નહિ તો આવું મજૂરીનું શિક્ષણ આપવાને બદલે વકીલનું, દાક્તરી અને એના જેવું ગોરાઓને મળતું શિક્ષણ આપવા માટે ન મથે? બૂકર ઉત્તરમાં એટલું જ કહેતો, 'જેમને એ શિક્ષણ લેવું હોય તે લે; પણ હું જાણું છું કે, મારી આખી કોમ વકીલ દાક્તર થવાની નથી. મોટા ભાગનાં મારાં ભાંડુઓ કારીગર, ખેડૂત અને મજૂર જ થશે; એમને હું સ્વતંત્ર, શુદ્ધ અને પ્રામાણિક નાગરિક જીવન જીવવાનું અને ઉત્તમ કારીગર કે ખેડૂત થવાનું શીખવીશ, તો મારે માટે બસ છે.' અને એ જ સાચો હતો, અને છેવટે સાચો ઠર્યો. તાજી જ સ્વતંત્ર થયેલી હબસી કોમ પાસે પોતાના હાથપગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય બીજું કશું સાધન કે મૂડી નહોતાં. એ વાપરીને કેમ સ્વતંત્રતા જીરવાય, એ આર્મસ્ટ્રોંગે અને બૂકરે શીખવ્યું. થોડા જ વખતમાં હૅમ્પ્ટન અને ટસ્કેજી શાળાઓ હબસી છોકરા છોકરીઓથી ઊભરાઈ જવા લાગી. બૂકરનો માર્ગ તેઓ ઝટપટ સમજી ગયાં હતાં. ગોરા પણ સમજી ગયા કે, હબસીઓને સ્વતંત્ર કર્યા માત્રથી કશું ન વળત; હૅમ્પ્ટન જેવી શાળાની યોજનાની પણ જરૂર હતી. તેથી તેમણે પણ એમાં સારી પેઠે મદદ કરી.

ખરેખર એક લેખકે બૂકર ટી. વૉશિંગ્ટનને હબસી-ઓનો કુલગુરુ કહ્યો છે તે તદ્દન યથાર્થ છે. તે ઈ. સ. ૧૯૧૫માં અવસાન પામ્યો. એની આખી કોમ એને પોતાના તારણહાર તરીકે અને જગત એક પ્રતિભાશાળી કેળવણીકાર તરીકે હજી સુધી યાદ કરે છે. એણે એની કોમને માટે જે વિદ્યા શોધી તેણે 'सा विद्या या विमुक्तये' – 'વિદ્યા તે જ કહેવાય, જે મુક્તિ અપાવે' – એ બિરદને સાચું પાડી બતાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

શ્રી. ધર્માનંદ કોસંબીજી

૧

શ્રી. ધર્માનંદજીનો જન્મ ગોવાના સાસષ્ટ પ્રાંતમાં આવેલ સાખવળ ગામે તા. ૯મી ઑક્ટોબર ૧૮૭૬ને દિવસે થયો હતો.

કોઈ પણ સાધારણ પિતાને પૂરેપૂરી નિરાશા ઊપજે એવા મંદ અને નબળા ધર્માનંદજી હતા. છતાં તેમના પિતાને આશા હતી કે તે મોટા થતાં હોશિયાર નીવડશે. એક વાર એક ગામઠી જોશીએ ભવિષ્ય ભાખેલું કે, 'ધર્માનંદજી મોટા વિદ્વાન થશે; જોકે ધનવાન નહીં થાય.' અને આ ભવિષ્યકથન ઉપર તેમના પિતાને સંપૂર્ણ આસ્થા હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્માનંદજીને કેળવણી આપવા માટે તેમના પિતાને ભારે હોંશ હતી. પણ કેળવણી કેમ આપવી એની તેમને ખબર નહોતી. પહેલાં તો ધર્માનંદજી ઘરમાં જ પાટી ઉપર ધૂળ નાખી તે ઉપર કક્કો ઘૂંટતા શીખ્યા. ત્યાર પછી ત્રણ જગ્યાએ છૂટક છૂટક તેમણે વિદ્યાભ્યાસ કર્યો અને તે પાંચમા ધોરણ સુધી જ અભ્યાસ કરી શકયા.

પછી તેમનું મન આપમેળે જ વાચન તરફ વળ્યું. વાચનના વધવા સાથે તેમનો જીવન પ્રત્યેનો અસંતોષ પણ વધવા માંડયો હતો. એ અરસામાં જ તેમનાં લગ્ન થયાં. પરંતુ તેમનો અસંતોષ તો તીવ્ર બનતો જ ગયો.

એ દરમિયાન તેમને ઘેર સંત તુકારામની ગાથાની એક ચોપડી હતી, તે ધર્માનંદજીએ વાંચવા માંડી. પુસ્તકના આરંભમાં આપેલ તુકારામ બુવાના ચરિત્રે તેમના મન ઉપર સારી છાપ પાડી. તેમને થયું, 'હું નિર્ધન હોવાથી દુઃખી રહું છું, પણ તુકારામ બુવાએ તો દેવાળાં જ કાઢયાં હતાં! હું અભણ છું તેથી એ વાતનો શોક કરું છું, પરંતુ તુકોબાને તો મારાથી દસમે હિસ્સે પણ ભણવાનાં સાધનો નહોતાં મળ્યાં! મારું લગ્ન થયું છે તેથી હું વિમાસણમાં પડી ગયો છું, પણ તુકોબા તો બે વખત પરણ્યા હતા! દુનિયાદારીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાથી અનેક ગણી મુશ્કેલીઓ તેમને હતી, છતાં પરમાર્થમાં તેમની ડાંફ કેટલી આગળ! દુનિયાનાં દુઃખો તેમને નુકસાનકર્તા ન નીવડતાં ઊલટાં લાભકર્તા જ લાગ્યાં! તો પછી મારે જ શું કરવા શોક કરવો? વિદ્યા અને ધન મેળવતાં ન આવડ્યું તો ભલે, પણ તુકારામના જેવા સદ્‌ગુણો પણ મહેનત કરીને કેળવતાં ન આવડે શું?'

સંસ્કૃત શીખવાનો તેમને ઘણો શોખ હતો. પણ ગામમાં એ માટે કશી સગવડ ન હતી. તોપણ ડૉ૦ ભાંડારકરના સંસ્કૃત પુસ્તકનું મરાઠી ભાષાંતર લાવીને ધર્માનંદજી તે ભણી ગયા અને તેમણે 'રઘુવંશ'ના બીજા સર્ગમાંથી પચીસ ત્રીસ શ્લોકો મોઢે કર્યા. પણ એટલાથી સંસ્કૃતનું જ્ઞાન કેટલું મળે? બાકી, મરાઠી વાચન સતત ચાલુ હતું. જ્ઞાનેશ્વરી, મોરોપંતનું ભાગવત, વગેરે જે કંઈ મળી આવે તે વાંચવું એ તેમનો ક્રમ હતો.

૨

આખરે આ સ્થિતિથી થાકીને અને સંસ્કૃત શીખવાના ઉદ્દેશથી ૧૮૯૪ માં ધર્માનંદજી કોલ્હાપુર ગયા. ત્યાં તે મહાલક્ષ્મીના મંદિરમાં ઊતર્યા. પરંતુ વૃદ્ધ પિતાજી ખૂબ યાદ આવવા લાગ્યા. ભિક્ષા માગીને ગુજરાન ચલાવવા જેટલી તેમની હિંમત ન ચાલી. અંતે ગાંઠે હતા તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસા ખૂટ્યા એ પહેલાં જ તે કોલ્હાપુર છોડી મડગાંવ પાછા ફર્યા.

પરંતુ થોડા વખત પછી પાછું એમનું મન મોળું પડ્યું; એટલે તે પાછા ઘર છોડીને ગોકર્ણ ચાલ્યા ગયા. ત્યાં અજાણ્યા પ્રદેશમાં નિર્વાહનું સાધન ન જડવાથી તે પાછા ઘેર આવ્યા; પણ તેમના મનની વ્યથા ઓછી ન થઈ.

ઈ. સ. ૧૮૯૮ માં તેમના પિતાજીનું અવસાન થયું. ધર્માનંદજીની સ્થિતિ પણ તે વખતે જુદી જ હતી. દુનિયાના વ્યવહારમાં કેમે કર્યું ચિત્ત ચોંટે જ નહિ. ધર્માનંદજીએ 'બાલબોધ' નામના માસિકમાં ભગવાન બુદ્ધનું ચરિત્ર વાંચ્યું હતું. ત્યારથી જ બુદ્ધ ઉપર તેમની વધારે શ્રદ્ધા બેસતી ગઈ. તેમને દુનિયાદારીનો જેમ જેમ કંટાળો આવતો ગયો, તેમ તેમ તેમની આ શ્રદ્ધા દૃઢ થવા લાગી. 'બુદ્ધ જ મારું સર્વસ્વ છે', એમ તેમને લાગવા માંડ્યું. જીવતો રહ્યો તો બીજું બધું છોડી બુદ્ધના ધર્મનું જ્ઞાન સંપાદન કરીશ, એવો દૃઢ સંકલ્પ તેમણે કર્યો. ચાહે તેટલાં સંકટો આવો, ચાહે તેટલાં દુઃખ ભોગવવાં પડો, પણ બુદ્ધના ઉપદેશનું જ્ઞાન મને થયું એટલે મારો જન્મારો સાર્થક છે, એમ તેમને લાગવા માંડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અરસામાં તેમને ખબર પડી કે, કોચીનના સારસ્વત લોકોએ ત્યાં એક નવી શાળા શરૂ કરી છે. એટલે ત્યાં જઈને અંગ્રેજી ભણીને તે મારફતે બુદ્ધ વિષે થોડું ઘણું જ્ઞાન મેળવવું, એવો વિચાર કરીને ધર્માનંદજી આગબોટ રસ્તે મેંગલોર ગયા. પણ ત્યાંથી પંદર જ દિવસમાં તે પાછા ઘેર આવ્યા.

પછી તેમણે દક્ષિણ તરફની મુસાફરીનો ખ્યાલ છોડી ઉત્તર તરફ જવાનો વિચાર કર્યો. પૂના એ મહારાષ્ટ્રનું કેન્દ્ર, એટલે સંસ્કૃત ભણવાની ત્યાં કંઈ ને કંઈ સગવડ થશે, એમ તેમને લાગ્યું. તે મડગાંવ ગયા. ત્યાં તેમના એક સગા પાસેથી વાટખર્ચીના પચીસેક રૂપિયા ભેગા કરીને, એક તાંબાનો લોટો તથા શેતરંજી એટલો જ સામાન સાથે લઈને, તે પૂના જવા ઊપડ્યા.

પણ ત્યાં તે ફાવ્યા નહીં. બુદ્ધ-ધર્મનો અભ્યાસ કરવો છે, એ વાત ડૉ૦ ભાંડારકરને તેમણે પ્રથમથી જ કહી હતી. તેમણે સમજાવ્યું કે, આ દેશમાં બુદ્ધ-ધર્મનું જ્ઞાન મેળવવાનું મુશ્કેલ છે. એને સારુ તો નેપાળ કે સિલોન જવું જોઈએ.

૩

એટલે ધર્માનંદજીએ નેપાળ ભણી જવાનો નિર્ધાર કર્યો. તેમણે એક ભાઈ પાસેથી બાર રૂપિયા ઉછીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધા અને પૂના છોડયું. પૂનાથી તે ઈંદોર થઈ જેમ તેમ કરીને ગ્વાલિયર પહોંચ્યા.

ગ્વાલિયરની કૉલેજમાં જઈ ત્યાંના શાસ્ત્રીને સંસ્કૃત શીખવવા તેમણે વિનંતી કરી. પણ તે તેણે સ્વીકારી નહિ; તોપણ ધર્માનંદજીએ આ બાબતમાં જતઉદ્યમથી જે કંઈ બની શકે એમ હતું તે કરવામાં કશું બાકી રાખ્યું નહિ. છેવટે ગ્વાલિયરથી કાશી જવાનો તેમણે નિશ્ચય કર્યો. કાશીમાં અન્નછત્રમાં જમીને તે નાગેશ્વર પંત ધર્માધિકારી પાસે સંસ્કૃત શીખવા લાગ્યા. અન્નછત્રમાં તેમને ઘણ કષ્ટ વેઠવું પડતું અને અપમાન પણ સહન કરવું પડતું હતું.

એવામાં કાશીમાં મરકી શરૂ થઈ. એક દિવસ ધર્માનંદજી તાવમાં સપડાયા. પણ નીલકંઠ ભટજી નામના એક જોડીદાર વિદ્યાર્થીની સારવારથી તે બચી ગયા.

ધર્માનંદજીનાં ધોતિયાં તદ્દન ફાટી ગયાં હતાં. હવે એકાદ મહિનો પણ તે વડે ચલાવવું મુશ્કેલ હતું. નવો ધોતીજોટો લાવવો કયાંથી? તેમની પાસે અમરકોષનું એક પુસ્તક હતું. એક ગુંસાઈને તેની જરૂર હતી, તેથી એ તેમણે સવા રૂપિયે તેને વેચી દીધું. તેમાંથી એક રૂપિયો ને બે આના આપી તેમણે પંચિયાંનો એક જોટો લીધો. પણ એ જોટો બહુ બહુ તો બે ત્રણ મહિના જ કામ આપે એવો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે તેમણે એવો નિશ્ચય કર્યો કે, અન્નછત્રમાંથી રોજ એક પૈસો તેલનો મળે છે, તે તેલમાં ન ખરચતાં બચાવવો. અને એમ બે અઢી મહિને એકાદ રૂપિયો થાય, એટલે તેનું નવું પંચિયું લેવું. પણ દીવો શામાંથી બાળવો ? અંતે તેમણે અને તેમના સાથી વિદ્યાર્થી નીલકંઠે ઠરાવ્યું કે, રાતે દીવે વાંચવાને બદલે મોઢે જેટલું આવડતું હોય તેનું પુનરાવર્તન કરી જવું. આમ તેમણે અંધારું વેઠીને પૈસા સંઘરવા માંડ્યા. એવામાં મહગાંવમાં રહેતા પંઢરીનાથ વાળંદ તરફથી એક રજિસ્ટર કરેલ કાગળ આવ્યો. તેમાં દશ રૂપિયાની નોટ હતી ! આમ એક ગરીબ માણસે ધર્માનંદજીને અણધારી મદદ મોકલાવી, જે તેમને શિયાળામાં બહુ ઉપયોગી થઈ પડી.

કાશીવાસ દરમ્યાન દુર્ગાનાથ નામના એક નેપાળી વિદ્યાર્થી સાથે તેમની મૈત્રી થઈ. દુર્ગાનાથ જ્યારે પોતાને ઘેર નેપાળ જવા તૈયારી કરવા લાગ્યો, ત્યારે ધર્માનંદજીને યાદ આવ્યું કે, બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવા માટે નેપાળ જવું જોઈએ. એટલે તે પણ એની સાથે જવા તૈયાર થયા.

પરંતુ નેપાળમાં બૌદ્ધધર્મની ખેદજનક સ્થિતિ જોઈને તેમનું મન દુઃખી થયું. તેમણે નેપાળમાંથી પાછા ફરવાનો વિચાર કર્યો. તેમને એકાએક યાદ આવ્યું કે, જો હું બુદ્ધગયા જાઉં, તો કોઈ બૌદ્ધ સાધુ પાસેથી બૌદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મનું જ્ઞાન કઈ રીતે સંપાદન કરવું એ જાણી શકાશે. એટલે તે બુદ્ધગયા જવા ઊપડ્યા.

ધર્માનંદજી ગયા પહોંચીને ત્યાંથી બુદ્ધગયા ગયા. બૌદ્ધ મંદિરની પાસે ધર્મપાલ નામના બૌદ્ધ ભિક્ષુ રહે છે, એવું તેમણે સાંભળ્યું હતું. પરંતુ ધર્મપાલ ત્યાં ન હતા. ત્યાં એક બીજો ભિક્ષુ હતો. તેણે કહ્યું કે, ધર્મપાલ તો સિલોન છે.

ધર્માનંદજી હજી સુધી જાણતા ન હતા કે, પાલિ ભાષા કયા પ્રકારની છે. તેમણે પેલા ભિક્ષુને એ વિષે પૂછ્યું, એટલે તેણે એક બૌદ્ધગ્રંથમાંથી કેટલાંક વાક્યો વાંચી સંભળાવ્યાં. તે સાંભળીને ધર્માનંદજી અત્યંત આનંદ પામીને બોલ્યા : "પાલિ ભાષા તો લગભગ સંસ્કૃત જેવી જ છે! તે શીખતાં મને જરાય વાર નહિ લાગે."

પેલા ભિક્ષુએ ધર્માનંદજીને સલાહ આપી કે, 'તમે સિલોન જાઓ તો ત્યાં મોટમોટા પંડિતો છે. તે તમને બૌદ્ધગ્રંથો શીખવશે.'

ધર્માનંદજીએ કહ્યું : "હું સિલોન જવા તૈયાર છું. પણ મારી પાસે એક પૈસો પણ રહ્યો નથી! તો પછી હું સિલોન કઈ રીતે જાઉં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને પેલા ભિક્ષુએ તેમને કલકત્તે જઈ ત્યાં આવેલી 'મહાબોધિ સભા' આગળ પોતાની ઇચ્છા દર્શાવવા કહ્યું.

૪

ત્યાંથી ખૂબ મુશ્કેલીએ તે કલકત્તા પહોંચ્યા. પછી કલકત્તાથી તે સિલોન ગયા. ત્યાં ધર્મપાલને મળ્યા. ધર્માનંદજીને અંગ્રેજી કે સિલોનની ભાષા નહોતી આવડતી. એટલે બધું કામ ઇશારાથી જ તે કરતા. સિલોનમાં ધર્માનંદજી વિદ્યોદય વિદ્યાલયમાં રહી બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. ત્યાં તેમણે બૌદ્ધ ધર્મના અભ્યાસની સાથે સાથે અંગ્રેજી ભાષા પણ શીખવાનો પ્રયત્ન કર્યો.

સિલોનમાં ધર્મદાસ નામનો એક પંજાબી વિદ્યાર્થી આવ્યો હતો. તેણે ધર્માનંદજીને કુશિનારાની માહિતી આપી અને કહ્યું કે, તમે હિંદુસ્તાન જઈ ત્યાં ભણવા જશો તો સગવડ મળશે. ધર્માનંદજી પણ સિલોનમાં બીમારીથી કંટાળી ગયા હતા અને તેમને ત્યાંનું ખાવાનું પણ માફક આવતું ન હતું. કારણ કે સિલોનના લોકો માંસમચ્છીનો ખાસ ઉપયોગ કરે, જે ધર્માનંદજી કદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાઈ શકે નહિ. એટલે તેમણે કુશિનારા* જવાનું નક્કી કર્યું.

ધર્માનંદજી સિલોનથી મદ્રાસ આવ્યા અને ત્યાં બૌદ્ધાશ્રમમાં ઊતર્યા. પરંતુ તેમને માટે કલકત્તા જવા જટલી વ્યવસ્થા કોઈ કરી શકયું નહીં. એટલે થોડો વખત તે મદ્રાસમાં જ રહ્યા. એવામાં મદ્રાસમાં રહેતા કેટલાક બરમી વિદ્યાર્થીઓએ ધર્માનંદજીને બ્રહ્મદેશ જવાનું કહ્યું. બ્રહ્મદેશ જવા માટે ભાડાની જોગવાઈ કરવાનું પણ એ વિદ્યાર્થીઓએ માથે લીધું. એટલે ધર્માનંદજી બ્રહ્મદેશ જવા તૈયાર થયા.

રંગૂનમાં ધર્માનંદજીએ બૌદ્ધભિક્ષુની દીક્ષા લીધી. રંગૂનમાં પણ ખોરાકની હાડમારીને કારણે તેમની તબિયતને ભારે ધક્કો પહોંચ્યો. અતિસારનો રોગ વારંવાર લાગુ પડવા લાગ્યો. એટલે બ્રહ્મદેશ છોડી તે કુશિનારા જવા વિચારવા લાગ્યા. કેટલાક બૌદ્ધ વેપારીઓએ તેમને કલકત્તા સુધીનું આગબોટનું ત્રીજા વર્ગનું ભાડું આપ્યું. એટલે ધર્માનંદજી રંગૂનથી કલકત્તે આવી, બૌદ્ધભિક્ષુને વેશે કુશિનારા તરફ જવા ઊપડ્યા. ત્યાં તેમણે એક બે અઠવાડિયાં ધર્મશાળાની ઓરડીમાં એકાંતમાં ગાળ્યાં,

* ભગવાન બુદ્ધનું પરિનિર્વાણ સ્થળ; તે ગોરખપુર જિલ્લામાં આવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બીજા બે અઢી મહિના બુદ્ધના મંદિરની પાછળના ખંડેરમાં ઊગેલા એક જંગલી ઝાડ નીચે પસાર કર્યા.

ઈ. સ. ૧૯૦૪ના એપ્રિલમાં ધર્મપાલ જાપાન, અમેરિકા વગેરે દેશ ફરીને કાશી આવ્યા. તેમના એક બે કાગળ ધર્માનંદજી ઉપર આવ્યા. એટલે ધર્માનંદજી કાશી જઈ તેમને મળ્યા.

પછી ધર્માનંદજીએ રાજગૃહ, શ્રાવસ્તી, કપિલવસ્તુ, લુંબિનીવન વગેરે બૌદ્ધક્ષેત્રોની યાત્રા પણ કરી. ત્યાર બાદ કુશિનારા પાછા આવીને તે બ્રહ્મદેશ ફરીથી જવા ઊપડ્યા. બે વર્ષ તેમણે દેશાટનમાં વીતાવ્યાં. ચિત્તની એકાગ્રતા કરવાનો ધીરે ધીરે મહાવરો થવાથી 'અભિધર્મ' જેવા અઘરા ગ્રંથો પણ ભણી જવામાં તેમને વાર ન લાગી. ફુરસદના વખતમાં અનેક પાલિ ગ્રંથો તેમણે વાંચ્યા.

૫

ગોવા છોડ્યું ત્યારથી તે બ્રહ્મદેશ છોડી ૧૯૦૬ના જાનેવારીમાં કલકત્તે આવ્યા, ત્યાં સુધીના તેમના દિવસો શિક્ષણમાં જ વીત્યા એમ કહી શકાય. આ બધો સમય બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવું, એ એક જ ધ્યેય તેમની આંખ સામે હતું.

ત્યાર બાદ તેમણે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવાનું કામ હાથમાં લીધું. તેમણે કલકત્તાની તેમ જ પૂનાની કૉલેજોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે રહીને ઘણા વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. વળી તેમણે બૌદ્ધ ધર્મ અંગે ઘણાં પુસ્તકો પણ લખ્યાં. તેમની વિદ્વત્તા જોઈને પરદેશમાં પણ તેમને બોલાવવામાં આવ્યા હતા. તેથી તે અમેરિકા અને રશિયા ગયા હતા. ગાંધીજીએ શરૂ કરેલી અસહકારની લડતમાં પણ તેમણે ફાળો આપ્યો હતો.

છેવટના દિવસોમાં તે સંસારત્યાગી ભિક્ષુકની રીતે સારનાથ, કાશી વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ વગેરે ઠેકાણે અધ્યયન, અધ્યાપન, લેખન વગેરે કાર્યો શક્તિ અનુસાર કરતા રહ્યા હતા. અંતે તે ગાંધીજીના સેવાગ્રામ આશ્રમમાં રહ્યા હતા. ત્યાં ૧૯૪૭ના જૂન માસની ચોથી તારીખે તે અવસાન પામ્યા. આમ, આપબળે પોતાની ઉન્નતિ સાધીને તથા બૌદ્ધ ધર્મના મિશનરીનું ધગશભર્યું કામ અંત સુધી કરીને સાધુ પંડિત ધર્માનંદ કોસંબીજીએ પોતાનું જીવન સાર્થક કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ	૦-૭-૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦-૭-૦
આપણું પરમ યંત્ર	,,	૦-૬-૦
પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦-૭-૦
વેર અને બદલો	,,	૦-૭-૦
વેર અને અવિચાર	,,	૦-૬-૦
નીતિ અને ધર્મ	,,	૦-૬-૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાથી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,,	૦-૬-૦
મોટાં માણસોનાં મન	,,	૦-૬-૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,,	૦-૧૦-૦
ભક્તરાજ	,,	૧-૦-૦
જાણવા જેવી વાતો	,,	૦-૬-૦
સંત-સમાગમ	,,	૦-૬-૦
જીવન અને મરણ	,,	૦-૬-૦
માનવજીવનનું ઝવેરાત	,,	૦-૬-૦
ધર્મસંસ્થાપકો	,,	૦-૬-૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar